નમી પડે છે. શાસ્ત્રોના ઊંડા અભ્યાસી, સિદ્ધાંતોમાં પારંગત પંડિત, પ્રાયશ્ચિત્તવિધિમાં વટવૃક્ષ સમા વડીલ, વૈયાવચ્ચમાં વિનમ્ર સાધુ પૂજ્યશ્રી ચાર દાયકા ઉપરનો દીક્ષાપર્યાય ભોગવી આજે અપ્રમત્તભાવે શાસનપ્રભાવનાનાં વિવિધ કાર્યોમાં મગ્ન હોય છે. શાસનદેવ પૂજ્યશ્રીને નિરામય દીર્ઘાયુષ્ય બક્ષો એવી ભાવભીની પ્રાર્થના સાથે પૂ. ગુરુદેવશ્રીના ચરણારવિંદમાં શતશઃ વંદના !

( સંકલન : પૂ. મુનિરાજ શ્રી જયસુંદરવિજયજી મહારાજ. )

---

### પ્રખર પ્રવચનકાર અને લોકપ્રિય ધર્મગ્રંથોના રચયિતા

## પૂ. આચાર્યશ્રી વિજયભદ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજ

ગરવી ગુજરાતના મહેસાણા શહેરમાં સાધુચરિત મણિભાઈ અને તેમનાં શીલવતી ધર્મપત્ની હીરાબહેન રહે. તેમના બે પુત્રો કાંતિલાલ અને મૂળચંદને પૂ. આ. શ્રી વિજયપ્રેમ-સૂરીશ્વરજી મહારાજનો સમાગમ થતાં અને પૂ. મુનિવર્ય શ્રી ભાનુવિજયજી (પછીથી આચાર્ય) મહારાજની વિરાગ–વાણી સ્પર્શી જતાં દીક્ષા લેવાની ભાવના જાગી. તેમાં સં. ૨૦૦૭ના મહા સુદ ૬ને દિવસે સુરતમાં દીક્ષા અંગીકાર કરીને કાંતિલાલ મુનિશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ બન્યા અને સં. ૧૯૮૯ના શ્રાવણ સુદ ૧૨ને દિવસે જન્મેલા મૂળચંદ સં. ૨૦૦૭ના પોષ વદ પાંચમે દીક્ષા અંગીકાર કરીને, રાણપુર મુકામે, પૂ. મુનિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી બન્યા.

બંને બંધુમુનિઓની સંયમયાત્રા પૂ. ગુરુવર્યોની નિશ્રામાં આગળ વધવા લાગી. બંને આગમ, પ્રકરણોના ઊંડા જ્ઞાતા બન્યા. ૪૫ આગમોના સટીક અધ્યયન ઉપરાંત ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને કાવ્યસાહિત્યનો અભ્યાસ કર્યો. મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજને નાનપણથી જ લેખન અને પ્રવચનનું કૌશલ્ય વરેલું હતું. મુનિજીવનમાં એનો ખૂબ વિકાસ થતો ચાલ્યો. પૂજ્યશ્રી પ્રસિદ્ધ પ્રવચનકાર તરીકે સમુદાયમાં આદરપાત્ર બન્યા. સાથોસાથ સાહિત્યસર્જનની કુશળતા અને તત્પરતાના ગુણો પણ વિકાસ પામ્યા. ‘ મહાપંથનો યાત્રી ’ નામના પુસ્તકથી વીસ વરસની ઉંમરે આરંભાયેલી તેઓશ્રીની લેખનયાત્રા આજે સોએક જેટલાં પુસ્તકોનું સર્જન કરીને અવિરત–અપ્રમત્ત ચાલી રહી છે. પૂજ્યશ્રીએ ‘ જ્ઞાનસાર ’, ‘ પ્રશમરતિ ’ જેવા ગ્રંથો પર તત્ત્વજ્ઞાનની સર્વગ્રાહી વિવેચના, ‘ જૈન રામાયણ ’ જેવી સુદીર્ઘ કથા તેમ જ વાર્તાઓ, કાવ્યો આદિ જાતજાતનું મૌલિક સાહિત્ય સર્જ્યું છે. પૂજ્યશ્રીએ આ સાહિત્યની રચના ગુજરાતી, હિંદી, અંગ્રેજી ઇત્યાદિ ભાષાઓમાં કરી છે. મહેસાણાથી વિશ્વકલ્યાણ પ્રકાશન દ્વારા વર્ષોથી આ સાહિત્યગંગા વહી રહી છે. ‘ અરિહંત ’ નામક હિંદી માસિકમાં પૂજ્યશ્રીનાં પ્રવચનો તથા કથાસાહિત્ય પીરસાઈ રહ્યું છે. પૂજ્યશ્રીનો પ્રેમાળ સ્વભાવ, પ્રસન્ન અને મૃદુ વ્યક્તિત્વ, સંઘશાસન માટે બહુજનહિતાય–બહુજનસુખાય વિવિધ પ્રવૃત્તિઓ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કરવી એ તેઓશ્રીનાં જીવનના આદરણીય પાસાં છે. વિશેષ કરીને, નાનાં બાળકો અને ઊગતી પેઢી માટે સંસ્કારસિંચનની પ્રવૃત્તિઓ કરવામાં તેઓશ્રીને વિશેષ રુચિ છે. પ્રવચનો, વાર્તાલાપો, શિબિરો, જપ–ધ્યાન–અનુષ્ઠાનોનાં આયોજનો દ્વારા તેઓશ્રી આવતી પેઢીને અમૂલ્ય માર્ગદર્શન આપતા રહે છે. ગુજરાત, મહારાષ્ટ્ર, તામિલનાડુ, કર્ણાટક, આન્ધ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન આદિ પ્રાંતોમાં વિહારયાત્રા દ્વારા પૂજ્યશ્રીના વરદ હસ્તે ધર્મપ્રભાવનાનાં અનેક કાર્યો થયાં છે. યોગ્યતાનુસાર ગણિ–પંન્યાસપદ પ્રાપ્ત કરીને સં. ૨૦૪૩ના વૈશાખ સુદ ૬ના શુભ દિને પૂ. ગુરુદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે કોલ્હાપુર મુકામે તેઓશ્રીને આચાર્યપદે આરૂઢ કર્યા ત્યારથી પૂજ્યશ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજ તરીકે પ્રસિદ્ધ થયા. એવા એ પરમ પ્રભાવક, સમર્થ સાહિત્યકાર સૂરિવરને શાસનદેવ સ્વસ્થ દીર્ઘાયુ દ્વારા શાસનપ્રભાવના માટે સદા સજ્જ રહેવાનું સામર્થ્ય બક્ષો એવી અભ્યર્થના સાથે પૂજ્યશ્રીને કોટિ કોટિ વંદના !

### 'કર્મસાહિત્ય' નિર્માણના સહયોગી, ધ્યાનયોગની અનુભૂતિના સાધક

## પૂ. આચાર્યશ્રી વિજયધર્મજિતસૂરીશ્વરજી મહારાજ

પરમ શાસનપ્રભાવક ગુરુભગવંત આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા ઝીલીને તેઓશ્રીના પનોતા પટ્ટધર પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ શિષ્ય-પ્રશિષ્ય વિદ્વાનોએ 'કર્મસાહિત્ય'ના નિર્માણનું કાર્ય આરંભ્યું, તેમાં પૂ. મુનિશ્રી ધર્માનંદવિજયજી મહારાજ (પછીથી આચાર્યશ્રી વિજયધર્મજિતસૂરીશ્વરજી મહારાજ) અગ્રગણ્ય હતા. પૂજ્યશ્રીનો જન્મ સં. ૧૯૮૪ના વૈશાખ વદ પાંચમે સુરતમાં થયો હતો. પિતાનું નામ ચીમનલાલ ઝવેરી અને માતાનું નામ મોતીકોરબેન હતું. તેઓશ્રીનું સંસારી નામ યથાનામગુણ ફતેહચંદ હતું. ફતેહચંદ સં. ૨૦૦૭ના મહા વદ ૬ને દિવસે પૂ. આ. શ્રી વિજય-ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનું શિષ્યત્વ સ્વીકારી મુનિશ્રી ધર્માનંદવિજયજી બન્યા અને અધ્યયન તેમ જ તપોધર્મની સાધનામાં લીન બન્યા. કર્મવિષયક અધ્યયનમાં અત્યંત ગહન જ્ઞાન પ્રાપ્ત કર્યું અને યોગ્યતાનુસાર તેઓશ્રીને સં. ૨૦૩૨માં ગણિપદે અને સં. ૨૦૩૮માં પંન્યાસપદે આરૂઢ કરવામાં આવ્યા. ત્યારબાદ સં. ૨૦૪૩ના વૈશાખ સુદ ૬ને દિવસે કોલ્હાપુર મુકામે આચાર્યપદે અલંકૃત કરાયા.

પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મજિતસૂરિજી મહારાજ તીર્થયાત્રા અને પ્રભુભક્તિના અવ્વલ ઉપાસક હતા. વિહારમાર્ગની આજુબાજુમાં ૪–૫–૭ કિ. મી. જેટલા અંતરે રહેલાં ગામોમાં પણ જો જિનમંદિર હોય તો એટલો આવવા–જવાનો વિહાર વધારીને પણ દર્શનાદિએ જતા. વિહારમાં જ્યારે જ્યારે સુરત, ખંભાત, અમદાવાદ કે પાટણ જવાનું થાય ત્યારે, થોડા દિવસો જ રહેવાનું હોય તો પણ અવશ્ય ચૈત્યપરિપાટી કરી લગભગ બધાં જ જિનમંદિરોને જુહારતા. તેઓશ્રી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org